# શિક્ષકનું મહત્ત્વ હતું, છે અને રહેશે

આવતી કાલે પાંચમી સપ્ટેમ્બરે ભારતમાં ૪૯મો શિક્ષકદિન ઉજવાશે. શિક્ષકદિનની ઉજવી પાછળનો મુખ્ય હેતુ શિક્ષકનું સમાજ માટે અનન્ય મહત્ત્વ છે તે સ્વીકારીને શિક્ષકના સ્થાનને ગૌરવવંતુ સ્થાપિત કરી શિક્ષકને સન્માનવાનો છે. ભારતમાં ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન પ્રથમ રાષ્ટ્રપતિના જન્મદિન પાંચમી સપ્ટેમ્બરના રોજ ૧૯૬૨થી શિક્ષકદિનની ઉજવણીકરવામાં આવે છે. આખા વિશ્વની વાત કરીએ તો વિશ્વશિક્ષકદિન પાંચમી ઓક્ટોબરના રોજ ૧૯૯૪થી ઉજવવામાં આવે છે. ભારતમાં શિક્ષકની ભૂમિકાને બિરદાવવા દર વર્ષે રાજ્ય અને કેન્દ્ર સરકાર વિશિષ્ટ શિક્ષકોનું સન્માન કરે છે. જેમાં હવે સમાજ પણ જોડાઇ રહ્યો છે. કેટલીક સામાજિક કે શૈક્ષણિક સંસ્થાઓ પણ હવે શિક્ષકોનું સન્માન કરવા લાગી છે. જેમકે, અમદાવાદની એકલવ્ય, રાજકોટની સિસ્ટર નવોદિતા. તો વળી અમદાવાદનું શૈક્ષણિક સામાયિક આદિત્ય કિરણ પણ શિક્ષણના વિચારોના પ્રસાર સાથે શિક્ષકોને બિરદાવવા એવોર્ડસ આપી રહ્યું છે. જે શિક્ષકો અને સમાજ માટે સારી નિશાની છે. કોઇપણ રાષ્ટ્રના વિકાસ અને રક્ષણ માટે શિક્ષક અને સૈનિક મહત્ત્વના માનવીય પરિબળો છે. જે રાષ્ટ્રના શિક્ષક નબળા હોય તે રાષ્ટ્ર ક્યારેય વિકાસ સાધી ન શકે અને જેના સૈનિક નબળા હોય તે રાષ્ટ્ર ક્યારેય શાંતિથી ઊંઘી ન શકે. જો દુનિયામાં શિક્ષકોની ગુણવત્તા વધે, તેમના કાર્ય અને વિચારને સ્વીકારવામાં આવે તો કોઇ દેશને સૈનિકની જરૂર ન પડે. આ રીતે જોતાં જો સૈન્યનો ખર્ચ ઘટાડવો હોય તો શિક્ષક પાછળનો ખર્ચ વધારવો પડે. જેનું પરિણામ સુખ, શાંતિ અને વિકાસ જ મળશે.

શિક્ષકની ભૂમિકા કોઇપણ સમાજ-રાષ્ટ્ર માટે અતિ મહત્ત્વની છે. ચાણક્યે પણ કહ્યું હતું, શિક્ષક કભી સાધારણ નહીં હોતા. આમ શિક્ષકનું મહત્ત્વ વર્ષો પૂર્વ હતું, આજે છે અને ભવિષ્યમાં વર્ષો પછી પણ રહેશે. આવો વિચાર ચાલતો હતો, ત્યાં જ નવો ઝબકારો થયો કે, આવું તો હું માનું છું, પણ ભવિષ્યમાં જે શિક્ષક બનવા માગે છે, તેવા યુવાધનના મનમાં શિક્ષક વિશેની શી છબી છે, તેમજ તેઓ શા માટે શિક્ષક બનવા માંગે છે તે જો પૂછવામાં આવે તો શિક્ષકની ભૂમિકા કે તેના મહત્ત્વ વિશે વાસ્તવિક માહિતી મળે. આવા વિચારના ઝબકારા સાથે જ અમદાવાદની એસ.યુ.જી. બી.એડ્.કોલેજના ૮૦ જેટલા તાલીમાર્થીઓને કહ્યું કે, તમે શિક્ષક શા માટે બનવા માંગો છો ? તેનો જવાબ એક કાગળ પર લખીને આપો. તાલીમાર્થીઓએ આપેલા જવાબો નીચે મુજબ છે. જેના પરથી ખ્યાલ આવશે કે શિક્ષકનું સ્થાન આજે સમાજમાં શું છે? તેની સમાજ માટે શું ભૂમિકા છે? તાલીમાર્થીઓએ આપેલા જવાબ તેમના જ શબ્દોમાં ટૂંકમાં રજૂ કરું છું.

શિક્ષકના વ્યવસાયમાં વધારે આનંદ અને સ્વતંત્રતા મળે છે, અન્ય કર્મચારી કરતાં શિક્ષક શ્રેષ્ઠ છે, દેશને ચોક્કસ દિશા આપી શકાય, મુખ્યંત્રી પણ“સાહેબ” કહીને બોલાવે.નોકરીમાં કયું કામ કરવાથી વધારે માન મળે છે તે વધારે અગત્યું છે જે શિક્ષકની નોકરીમાં મળે, સમાજમાંથી દૂષણો દૂર કરવા, સારા સમાજનું નિર્માણ કરવા, જ્ઞાન આપવા અને જ્ઞાની બનવા, શિક્ષકની નોકરીમાં સારા પગાર સાથે શોખ પણ સંતોષાય. વિદ્યાર્થી સાથે હોઇએ તેટલો સમય પોતાના દુ:ખો ભૂલી જવાય, અમને જે શિક્ષણ મળ્યું નથી તેવું શિક્ષણ આપવા, ભ્રષ્ટાચાર દૂર કરવા. સારું સ્ટેટસ મેળવવા, શિક્ષક ક્યારેય નિવૃત થતો નથી, મા-બાપ પછી શિક્ષકનો ઊચો દરજ્જો, સરળતાથી નોકરી મળે છે, પોતાના રસના વિષયને શીખવવા, નોકરીનો

સમય ઓછો, અભણ નિરીક્ષરોને ભણાવવા, નોકરી સારી, બાળકોને ભણાવવાની મજા આવે, નિરક્ષરતા-અંધશ્રધ્ધા દૂર કરવા, વેકેશન પણ મળે, સ્વવિકાસ ઝડપથી કરવા, સમાજમાં શિક્ષકની આગવી છાપ છે, શિક્ષક એટલે વિદ્યાર્થીનો ભગવાન, વ્હાઇટ કોલર જોબ, આપણામાં રહેલી શક્તિઓનો ઉપયોગ કરી શકાય, અત્યાર સુધી હું જે સામાજિક, માનસિક અને આર્થિક રીતે જીવ્યો છું એ અવસ્થાને આવનારી પેઢીમાંથી દૂર કરવા, મારા ઘરના સભ્યોને સાચું માર્ગદર્શન આપવા અને આર્થિક મદદ કરવા, સમાજ સુધારવા, ગુજરાતનું નામ રોશન કરવા, મારા શિક્ષકમાંથી પ્રેરણા લઇને શિક્ષક બનવાની ઇચ્છા થઇ, પોતાનું અને પોતાના બાળકોનું ઘડતર કરવા, સ્ત્રીઓ માટે અન્ય નોકરી કરતાં શિક્ષકની નોકરી સારી, બાળકો સાથે રહેવાથી તાજગી અનુભવી શકાય, બાળકોને શીખવીએ ત્યારે આત્મસંતોષ થાય છે, જે કાર્ય કોઇ કરી ન શકે તે શિક્ષક કરી શકે છે, આર્ટ્સમાં શિક્ષક સિવાયની બીજી નોકરી મળી શકે તેમ નથી, સમાજમાં સારું સ્થાન મેળવવા, બાળક સાથે રહીને બાળક જેવા રહેવા, લોકોમાં ઝડપથી પ્રિય બનાય છે, બાળકો સાથે કામ કરીને તેમનામાં રહેલી નિખાલસતા જોવા, જાણવા અને માણવા, ભારતના ભાવિને પાવરફૂલ બનાવવા, સરકારી નોકરી માટે, પ્રતિષ્ઠા મેળવવા, પુસ્તકીયા જ્ઞાન સિવાય વધારાનું જ્ઞાન આપવા, નાનપણથી જ શિક્ષક બનવાનું સ્વપ્ન હતું.

તાલીમાર્થીઓના ઉપરોક્ત વિચારો જાણીને ખૂબ જ આનંદ થયો. આનંદ થવાના કારણો એક કરતાં વધુ છે. પ્રથમ તો તાલીમાર્થીઓને શિક્ષકના વ્યવસાય પર ખૂબ જ વિશ્વાસ છે. આ વિશ્વાસ જ તેમને સફળતા અપાવશે. સમાજમાં શિક્ષકનો મોભો વિશિષ્ટ પ્રકારનો છે તેવું તેઓ જાણે છે અને સ્વીકારે પણ છે. અન્ય વ્યવસાય કરતાં તેઓના મન શિક્ષકનો વ્યવસાય અનેક રીતે ઊંચો છે તેવી તેમની માન્યતા જ તેમને આ વ્યવસાયમાં ટકાવી રાખશે અને સફળતા અપાવશે. એટલું જ નહીં તેઓ શિક્ષક બનીને શું કરવા માંગે છે. તેનો પણ ખ્યાલ આવ્યો. તેઓનું વિઝન સ્પષ્ટ જણાયું. મોટાભાગના તાલીમાર્થીઓ માત્ર અક્ષરજ્ઞાન જ આપવા માંગતા નથી, સાથે સામાજિક ભૂમિકા પણ ભજવવા માંગે છે. બાળકો સાથે કામ કરવાની મજા અને આનંદ લૂંટવા માંગે છે. આ બાબત વધુ આનંદદાયી છે. આ રીતે જોતાં શિક્ષકનું મહત્ત્વ હતું, છે અને રહેશે.

આજે શિક્ષકદિનના એક દિવસ પૂર્વે રાજ્ય સરકાર શિક્ષકોનું સન્માન કરશે. ત્યારે સૌ શિક્ષકભાઇ બહેનોને સલામ. તેમજ જેઓ ભવિષ્યના શિક્ષકો છે તેવા સૌ તાલીમાર્થી ભાઇ-બહેનોને અંત:કરણથી આશીર્વાદ સાથે શુભેચ્છાઓ.